# હિંસાને સમૂળ નાથવી છે?
## (તો વાંચો, વંચાવો, વિચારો, પ્રચારો આ લેખને)

"અહિંસા પરમોધર્મ" અને "અહિંસા પ્રતિષ્ઠાયાં તત્ સંનિધૌ વૈરત્યાગ:" વગેરે સંજીવની સૂત્રો કેવળ ભારત માટે જ નહી, પરંતુ વિશ્વ આખા માટે અને જીવ તમામ અર્થે અમૃતનો કુંભ લઇને દિવ્યલોકમાંથી ઊતર્યા છે. આવા નસીબવંતા સૂત્રો કયા શુકનવંતા સંપ્રદાયે આપ્યાં કે કયા ભાગ્યવંતા મહાઅવતારે બક્ષ્યાં તેને સાબિત કરવા માટે જીભાજોડી કે માથાફોડી કરવી તે આપણી કમનસીબી છે. તેવાં સઘળા સૂત્રોનું અધિકાધિક ચિંતન, મનન અને નિદિધ્યાસન કરીને, એવી સરળ અને એવી લોકભાગ્ય શૈલીમાં રજૂ કરવાની જરૂરત છે કે, તે સંપૂર્ણ સુખ-શાંતિપ્રદાતા છે તેની ખાત્રી કરાવી શકાય. પછી તો, સૌ તેને જ આચરશે, કારણ કે સૌને સુખશાંતિ જ જોઇએ છે. મહાજનોએ તો ફકત, શું લાભદાતા અને અમૂલ્ય-અમોઘ ફળદાતા છે તે જ સાબિત કરી બતાવવાનું છે. આવા મહાજનોને જ સમાજ કાળક્રમે ગુરુસંતો અને પછી અવતારોમાં ગણવા લાગે છે, ભલે મહાજનોની એવી ઇચ્છા હોય કે ન હોય. અસ્તુ.

સર્વ  ધર્મોમાં અહિંસાને પરમ ધર્મ કહ્યો અને કહ્યું કે, જ્યાં અહિંસાની પ્રતિષ્ઠા થાય છે, ત્યાં જીવો પોતાનો વેરી સ્વભાવ ત્યાગી દે છે.

આવી પ્રતિષ્ઠા પામનારી અહિંસાને વ્યાપકરૂપે, સર્વાંગરૂપે સમજવી જોઇએ. અહિંસાની એકાંગી વ્યાખ્યા અધૂરી રહેવાની અને પરિણામે તે પૂર્ણ લાભ નહિ આપી શકે અને પૂર્ણ વ્યાપ પણ નહિ પામી શકે.

### "જીવ જીવકે આશરે, જીવ કરત હે રાજ્ય"

ઉપરોકત સૂત્રનો અર્થ એ છે કે, એક જીવ બીજા જીવનો આશ્રિત છે. પ્રગટ-અપ્રગટરૂપે એક જીવ બીજા જીવનો અંનત પ્રકારે નાનો-મોટો આશરો, હૂંફ, મદદ વગેરે લઇને જ જીવતો હોય છે. આશરાનો અર્થ એવો નથી કે, એક જીવ બીજા જીવનું શોષણ કે ભક્ષણ કરે. પોતે જીવી શકે તેટલો આશ્રય અન્ય જીવ પાસેથી લે, અને અન્ય જીવ જીવી શકે તેટલો સહારો અન્યને આપે. 'જીવો અને જીવવા દો'. પોતે પણ જીવી શકે અને અન્યને પણ જીવવા દે.

મનુષ્ય જેમ સામાજિક પ્રાણી છે તેમ દરેક જીવ પણ સામાજિક પ્રાણી છે. કોઈ પણ જીવ પોતાના સમાજ સિવાય નહિ જીવી શકે - સુખશાંતિથી નહિ જીવી શકે. વસુધૈવકુટુમ્બકમ્ અર્થાત્ સમસ્ત વિશ્વ એક કુટુંબ છે-એક વિરાટ સમાજ છે. મનુષ્યને એની ઓછી-એકાંગી સમજણના કારણે, પોતાનું જ નાનું કુટુંબ કે પોતાનું ગામ કે દેશ જ કે એથી આગળ વધીને કહીએ તો, વિશ્વસમસ્તનાં માત્ર મનુષ્યો જ પોતાનો સમાજ લાગતાં હોય છે. પરંતુ, વ્યાપક રીતે વિચાર કરતાં પશુ, પક્ષી અને વનસ્પતી જગત પણ એક આખો જીવસમાજ જ લાગશે. 'પિંડે સો બ્રહ્માંડે' અર્થાત્ પિંડમાં, એક શરીરમાં, જે કાંઇ છે તે સર્વે બ્રહ્માંડમાં પણ છે.

ઉપરોક્ત દષ્ટિએ વિચાર કરતાં એકેએક જીવના સુખદુ:ખની અસર અન્ય સર્વ જીવો ઉપર, અતિ કે અલ્પ પ્રમાણમાં પડતી જ હોય છે. આપણા કોઈ આપ્તજનના સુખદુ:ખની અસર આપણા ઉપર થાય છે તેની જ ખબર આપણને પડે છે, કારણ કે આપણી ક્ષમતા એટલી જ છે. જેમ-જેમ એ ક્ષમતાનો વિકાસ થતો જાય છે, તેમ તેમ અન્ય જીવોના સુખદુ:ખની અનુભૂતિની સીમામર્યાદા વિસ્તૃત થતી જાય છે. દેખીતા કોઈપણ કારણ વગર જ કયારેક આપણે ખૂબ સુખશાંતિ-ઉત્સાહ અનુભવતા હોઈએ છીએ, તો કયારેક દુ:ખ, અશાંતિ અને હતાશા, સુખદુ:ખની આપણા ઉપર થતી અસરની એ બધી સાબિતી છે. જેમ જેમ આપણી કરુણાનો પરિઘ વિસ્તરતો જાય છે, તેમ તેમ સમષ્ટિજીવોના સુખદુ:ખની પ્રતીતિનું આપણું સામર્થ્ય પણ વિસ્તરતું જાય છે. કરુણાપરિઘનું આવું અમર્યાદ વિસ્તૃતીકરણ કાળક્રમે મહાવીરોનું સર્જન કરવામાં નિમિત્ત બનતું હોય છે.

અનુક્રમે કોઈને પોતાના સ્વજનના કે ગામ, શહેર, તાલુકો, ઇલાકો, રાષ્ટ્ર કે વિશ્વના અન્ય જનોના સુખદુ:ખની અસર પણ થતી હોય છે. જેમ જેમ મનુષ્યની વસુધૈવકુટુમ્બકમ્‌ની ભાવના બલવંતી થતી જાય છે, તેમ તેમ પછી તેને આગળ વધીને પશુ, પક્ષી, વનસ્પતિ વગેરેનાં સુખદુ:ખની અનુભૂતિ પણ થવા લાગે છે.

પુનર્જન્મનો વિકાસવાદનો અનુભવીઓનો નિયમ તો કહે છે કે, મનુષ્યનો અવતાર પ્રાપ્ત થતાં પહેલાં મનુષ્ય અનેક પશુપક્ષી વગેરે યોનિઓમાંથી પસાર થઇ ચૂકેલો હોય છે. જે પગથિયાંનો સહારો લઈ લઈને શિખરે પહોંચ્યા હોઈએ તે પગથિયાં તરફ, શિખરે પહોંચ્યા પછી તિરસ્કાર, અરુચિ, અપ્રીતી કે હિંસાવૃત્તિ શા માટે?

શિખર પરથી તળેટીમાં ક્યારે ફેંકાઈ જઈશું તેની કાંઈ જ ખબર નથી. તળેટીમાં પટકાયા પછી, તે જ પગથિયાં પાછાં આપણને જ ઉપયોગી થવાનાં છે. અન્ય જીવો તરફ ઉદાસીનવૃત્તિ કે હિંસાવૃત્તિ રાખવી તે તો પોતે જે ડાળ પર બેઠેલો છે તેને જ કાપવા બરાબર છે.

ગાયની હિંસાને રોકવા માટે ઘણા મોટા પ્રયત્નો ચાલી રહ્યા છે, કારણ કે ગાય અને બળદ સમાજને ઘણાં બધાં ઉપયોગી છે તેની આપણને ખબર પડી છે. ગમે તેટલાં શક્તિશાળી યંત્રો દ્વારા ખેતરમાં એકાંતે કામ કરનારને હરદમ એ જ અનુભૂતિ થતી રહે છે કે હું એકલો છું. પણ બળદ સાથે કામ કરનારને એવું કદી નહિ લાગે કે હું એકલો છું. તેને તો બળદ પોતાનો સાથીદાર જ લાગે છે. જીવતા જીવમાં અને મશીનમાં આટલો મોટો ભેદ છે. ગાયનાં મળ, મૂત્ર, દૂધ, દહીં, માખણ, ઘી વગેરે કેટલાં બધાં ઉપયોગી છે?

ગાય-બળદથી થતા ઉપરોક્ત સર્વ લાભોથી આપણે પરિચિત છીએ તેથી તેની હિંસાને રોકવા અને તેને સુખી કરવા જીવદયાટ્રસ્ટનાં આંદોલનો પણ કરીએ છીએ. જમીનમાં વાવેલો દાણો નકામો નથી જતો તેવી ખાતરીની જેમ ગાય-બળદ માટે કંઈ પણ કરેલું નકામું જતું નથી તેની આપણને પેઢીઓથી ખાતરી થઈ ચૂકેલી છે, તેથી તેના પ્રત્યેની મમતા આપણા તનમનમાં વણાઈ ગઈ છે. તેણે જ એક પવિત્રતાનું રૂપ લઈ લીધું છે. હવે ગાયથી મળતા લાભોને જુદા તારવ્યા સિવાય જ, 'ગાય એટલે પવિત્ર' એવી આપણી ભાવના દૃઢ અને રૂઢ થઈ ગઈ છે, તેથી ગાય માટે આપણે ઘણું બધું કરી શકીએ છીએ. ગાય-બળદ તરફ આવી કોઈ પ્રકારની લાગણી કે ભાવના ન હોય તેવાઓનો પણ કાંઈ તૂટો નથી. અત્યારે તો વાત ચાલી રહી છે કરુણાના વિકસીત ક્ષેત્રમાં જેઓ છે તેમની, તેવા સૌએ -

હવે ગાય-બળદથી આગળ પોતાના ક્ષકિરણો [એકસ-રે] લંબાવવાનાં છે. ગાય, બળદ ઉપરાંત અન્ય સર્વ પશુપક્ષીઓ અને વૃક્ષ-વનસ્પતિઓના લાભો જાણીને એ બધાં સુધી પોતાની મમતાને વિસ્તારવાની છે.

અમુક તરફથી આપણને લાભ મળે છે તેની તો આપણને ખબર પડી, પણ જેમના તરફથી - પશુ, પક્ષી, કીડા, મંકોડા, ઝાડ, વેલ વગેરેથી - આપણને કેટલો લાભ થઈ રહ્યો છે તેની ખબર નથી તેથી શું એમ માનવું કે, તેમના તરફથી કાંઈ જ લાભ નથી મળતો. તેમના તરફથી મળતા સુક્ષ્મ લાભને જોઈ શકવાનું આપણામાં સામર્થ્ય નથી. જે કોઈનું અસ્તિત્વ છે તેમનો લાભ પણ જરૂર છે. આમ હોય તો તે બધાં રક્ષવાને જ યોગ્ય છે, ભક્ષવાને કદિ નહિ. આપણા ઘર આંગણામાં જ વસનારા જીવો - કાગડા, કૂતરાં, બિલાડાં, ઉંદર વગેરે - સમાજ ઉપર કોઈ ને કોઈ ઉપકાર કરતા જ હોય છે તે વાત, જો તેમનો સૂક્ષ્મ અભ્યાસ કરીશું તો અજાણી નહિ રહે.

વિજ્ઞાન તો કહે છે કે, વૃક્ષો પણ અશુધ્ધ વાયુને ગ્રસી લઈને પર્યાવરણને શુધ્ધ કરે છે. આ દૃષ્ટિએ તેમની ઉપયોગિતા લાજવાબ ગણાય. વર્ષા પણ વૃક્ષો અને વનો ઉપર જ આધાર રાખે છે. વિજ્ઞાન ન કહે તો પણ વૃક્ષોના અલભ્ય લાભો આપણાથી કયાં અજાણ્યા છે? જે આંગણામાં લીલાછમ વૃક્ષો હિલોળા લેતાં હોય ત્યાંનું વાતાવરણ કેવું આહલાદક હોય છે! ઉનાળાના ધોમધખતા તાપમાં વૃક્ષો એરકન્ડીશનર જેવી ઠંડક આપે છે. જુદાં જુદાં વૃક્ષોની છાયામાં સુવાથી જુદા જુદા રોગો નાશ પામે છે તેમ મનાય છે. ઋષિસંસ્કૃતિ તો વૃક્ષને સજીવ માને છે, અને તે વાત સાચી પણ છે. બીજમાંથી ઊગવું, વધવું, પૃથ્વીમાંથી પોષણ મેળવવું અને યથાસમયે વિલય પામી જવું જેવાં લક્ષણો તેના સજીવપણાની જ સાબિતી છે. લજામણી જેવા છોડ તો સ્પર્શ કરતાં જ સંકોચાઈ જાય છે તેવું તેનું લક્ષણ વિચાર-ચિંત્ય છે.

'સરોવર, તરુવર, સંતજન, ફૂલે ફલે પરહેત;
ઇતતે વે પાહન હનત, ઉતતે વે ફલ દેત.'

સરોવર, તરુવર [વૃક્ષો] અને સંતજનો બીજાઓ માટે જ ફલેફૂલે છે. વૃક્ષને કોઈ પથ્થર મારે છે તો તે સામેથી ફળ આપે છે! આવાં પરોપકારી વૃક્ષો, વેલીઓ અને વનસ્પતિઓ પાસેથી મનુષ્યે ઘણુંબધું શીખવાનું છે. મનુષ્ય ઓછામાં ઓછું એટલું તો જરૂર શીખે કે તેનો નાશ ન કરે. એમ કરવાથી તેને પોતાને જ ફાયદો છે. આવી સાવ સાદી વાતને મનુષ્ય કયારે સમજશે? જન્માંધને તો સર્વત્ર અંધારું જ છે, પણ દેખતાને સાચી સમજણ નથી એ એનાથીય વધુ અંધકાર છે.

જેનો જન્મ છે તેનું મરણ પણ નક્કી છે. એ જાતે ભલે મરે કે કરમાય, પણ આપણે એમના નાશમાં નિમિત્ત બનવાની મૂર્ખામી શા માટે કરીએ? વિકાસવાદના નિયમ મુજબ આગળના તબક્કામાં સર્જન થવા જ સૌ

લયવિલય પામે છે. જો સર્જન પછી વિસર્જન અને વિસર્જન પછી સર્જન એ ત્રિકાલઅબાધિત નિયમ હોય તો પછી કોઈના શરીરના વિસર્જનમાં નિમિત્ત બનવાનું ગોઝારું કાર્ય આપણે શા માટે કરવું?

જા હિ તનુ દિયો તાહિ બિસરાયો-
ઐસો નમકહરામી!
મો સમ કોન કુટિલ, ખલ કામી?
જૈસો શૂકરગ્રામી.
સૂર પતિત કો ઠૌર કહાં હૈ
સુનીયે શ્રીપતિ સ્વામી.

ભકત કવિ સુરદાસજી કહે છે કે, જેણે તન આપ્યું, જન્મ આપ્યો, તેને જ આપણે વિસરી ગયા! આ જગ્યાએ સુરદાસે ભલે જન્મ આપનાર ભગવાનને વિસરી ગયાની વાત કરી, પણ આપણે અહી જન્મ આપનાર માતાપિતાને નજરમાં રાખી વાત આગળ ચલાવીએ.

માતાપિતાએ આપણને જન્મ આપ્યો ખરો, પરંતુ તેમને પણ જન્મ આપતાં પૂર્વે કેટલાં બધાંની સહાયતાની જરૂર પડી હશે? જાણ્યેઅજાણ્યે તેમણે અનેક પશુપક્ષીઓની સહાય લીધી હશે. દૂધ, દહી, માખણ, ઘી વગેરેનો ઉપયોગ કર્યો હશે. નરમગરમ તબિયત વખતે અને પુષ્ટિ પ્રાપ્ત કરવા અર્થે અનેક વનસ્પતિઓ ખાધીપીધી અને ચોપડી હશે. આમ જાહિ તનુ દિયો તાહિ બિસરાયો અર્થાત્ હિંસાથી જેણે તન એટલે કે જન્મ આપ્યો - જન્મ આપવામાં મદદ કરી તેમને સૌને તેમના ઉપકારને - આપણે વિસરી ગયા. ઊલટું ઉપકારનો બદલો અપકારથી અર્થાત્ હિંસાથી આપી રહ્યા છીએ! કેવાં નિમકહરામ છીએ આપણે! આપણી કુટિલાઈ, અવળચંડાઈ, કઠોરપણું અને મૂર્ખપણાનો કોઈ પાર ખરો? વળી, સુરદાસજી શૂકરગ્રામી કહીને મનુષ્યને ગામડાના શૂકરભૂંડની સાથે સરખાવે છે. ભૂંડ આમેય ખૂબ કામાંધ ગણાય છે, એમાં આ તો પાછું ગામાડાનું ભૂંડ! એના જેવા આપણે વિકારોમાં વિવેક ભૂલીને આડેધડ હિંસા-સંહાર આચરી રહ્યા છીએ, પછી સુખી કયાંથી થવાના? નિમકહરામને આરામ [શાંતિ] કે રામ [ભગવાન] કદી ન મળે.

પરોપકારીઓની પરાવાણીને કાનસોંસરી કયાં સુધી કાઢીશું? સર્વ જીવોના કલ્યાણ માટે જ જેઓનો અવતાર થયો છે તેઓ આપણને ખોટો ઉપદેશ આપે ખરા? તેમને કયો સ્વાર્થ છે? સર્વેના કલ્યાણનો પ્રયત્ન કરવો તે જ તેમનું જીવન કાર્ય છે. જીવનાનંદ છે. 'અહિંસા પરમ ધર્મ છે' એ અમોઘ મંત્રને તાત્વિક રીતે સમજવાનું આપણું ગજું ન હોય તો જેઓ અધિકારી છે અને આપ્તજનો છે તેમનું કહેવું તો માનીએ! એટલી બુધ્ધિ તો ચલાવીએ! અહિંસા પ્રતિષ્ઠાયાં તત્સંનિધૌ વૈરત્યાગઃ અહિંસાની જ્યાં પ્રતિષ્ઠા છે અને જ્યાં તેનું પાલન થાય છે, ત્યાં વેર વિસરાઈ જાય છે.

હિંસાથી વેર બંધાય છે. વેરથી બદલો લેવાની ભાવના ગંઠાય છે. બદલાની ભાવનાથી હિંસા આચરાય છે. હિંસાથી વેર, વેરથી બદલાની ભાવના એવો આ રહેંટનો કદી છેડો જ નથી આવતો. અને પછી દુઃખ-અશાંતિનો પણ છેડો જ નથી હોતો, માટે હવે તો ચેતીએ!

વિજ્ઞાન અને વિજ્ઞાનીઓ કાયમી સુખશાંતિને પૃથ્વી ઉપર ઉતારવા દીર્ઘકાળથી તૂટી મર્યા છે, પણ તેનું કોઈ ફળ દેખાય છે ખરું? અનેક પ્રકારની દવાઓ, ઈંજેક્શનો, જાતભાતના અનંત પ્રકારનાં રસાયણો અને છેલ્લામાં છેલ્લી ઢબનાં વૈજ્ઞાનિક સાધનો, નાનામોટા જીવોની હિંસા કરવા માટે અને રોગોની રોકથામ કરવા માટે શોધાયાં છે, પણ તો પણ રોગોમાં કે જીવજંતુઓની ઉત્પત્તિવૃધ્ધિમાં કોઈ જ ઘટાડો નોંધાયો છે? હિંસાનું વિજ્ઞાન તો ઘટોત્કચની જટા-માયા જેવું સાબિત થયું છેઃ એકને મારો ત્યાં અનેક ઊભા! અનેક વર્ષોનો આપણો આવો જ અનુભવ જ હોય છે, તો પછી એકને હણીને અનેકનો વધારો શા માટે કરવો? શું આ બધી વાતો બહેરા કાને જ અથડાવાની? શું આવાં બધાં બિહામણાં હિંસક દશ્યો આંધળાને જ દેખાડવાનાં? આપણે તો હિંસાની પ્રતિક્રિયારૂપ દુઃખદર્દોના ઊકળતા તાવડામાં ઓરાણા છીએ, પણ આવતી પેઢીને એમાં ઓરાતી નથી બચાવવી? ઊગતી પેઢીને બચાવી લેવાની પહેલ કરવી તે ઘણા મોટા પુણ્યનું કાર્ય છે. આશ્રમો, મંદિરો, અપાસરા, દેરાસરો વગેરે ધાર્મિક સ્થાનો બંધાવવા કરતાં, અને અનેક પ્રકારની પરબો બેસાડવા કરતાં પણ આ કાર્ય ઘણું અગત્યનું, ઘણા પુણ્યનું અને અતિ ત્વરાપૂર્વક કરવા જેવું છે. કહે છે કે -

'પાણી પાયે પાંચ પુણ્ય, છાશ પાયે પુણ્ય છો; અન્ન ખવરાયે અનેક પુણ્ય, જો મન કચવાય નહિ તો.'

ઉપર કહ્યા તેવા પાંચ, છ અને અનેક પુણ્યની વાત સાચી, પણ આવી સાચી સમજણને કોઈ પ્રગટ જ ન કરે, તેનો કોઈ પ્રચાર જ ન કરે તો? તો આવી ઉત્તમ ઉપયોગી સમજણની ખબર જ કોને પડે, ક્યાંથી પડે? માટે આમ કહીશું કે,

'અહિંસા વાંચ્છયે પાંચ પુણ્ય, પ્રચાર્યે પુણ્ય સો; આચરણે અનંત પુણ્ય, દ્દષ્ટા બન્યે નહી ભો.'

પાણીની, છાશની રસની કે શરબતની પરબો બેસાડીએ તે ઘણા મોટા પુણ્યનું કામ છે તે ખરું, પણ તેની પરબો બેસાડાવાની સાચી સમજણ જે સામયિકમાં, સાહિત્યમાં કે સામગ્રીમાં પિરસાયેલી/નિરૂપાયેલી હોય તેની કિંમત તો, મહત્તા તો ઘણી મોટી છે, સર્વ પરબોની જનની તો એવી સાહિત્યસામગ્રી છે. જેમાં તેના રહસ્યની જાણકારીઓ આલેખાયેલી હોય. માટે આવી લેખસામગ્રીની કિંમત ઓછી ન આંકીએ. આનો ખૂબ પ્રચાર કરનારા પણ મોટા પુણ્યભાગી બને છે.

અહિંસાને આચરણમાં મૂકનારા એટલું પુણ્ય પ્રાપ્ત કરે છે કે એટલું બીજા કોઈ પણ સ્થૂળ-ધાર્મિક આચરણ કરનારને પણ પ્રાપ્ત નથી થતું અને -

અહિંસાથી મળતા લાભોની સાચી સમજણ આપનાર અને તેનું રહસ્ય ખુલ્લું કરનાર તેના આદિદ્દષ્ટાઓની તો કિંમત કોણ આંકી શકે? જો કે તેવી કિંમતની તેમને કાંઈ પડી પણ નથી. તેઓ તો પોતાના નિજાનંદમાં નિમગ્ન હોય છે. તેમને પછી પુનર્જન્મનો ભો-ભય નથી રહેતો. અસ્તુ.

આદિ દ્દષ્ટાઓના તાત્વિક સમજણરૂપી અરીસા ઉપર જ્યારે કાળરૂપી ખેપટનું આવરણ ચડી જાય છે, ત્યારે ત્યારે તેને જુદાં જુદાં રૂપે-રંગે સમજાવીને ખેપટને ઉડાડનારા તેમના પ્રતિનિધિઓ પણ જાગે છે. તેમને પણ તેમના આદિદ્દષ્ટાની જેમ સામાન્ય મનુષ્ય ઓળખી શકતો નથી. જો ઓળખી શકે તો ખૂબ લાભ લઈ શકે. અસ્તુ.

વિતર્કા હિંસાદયઃ કૃતકારિતાનુમોદિતા
લોભક્રોધમોહપૂર્વક્ આ મૃદુમધ્યાધિમાત્રા
દુખાજ્ઞાનાનંતફલા ઈતિ પ્રતિપક્ષાભાવનમ્ ।

હિંસાદિ પાપકર્મો કરવાના વિતર્કો મનમાં ઊઠે ત્યારે તેને આવી પ્રતિપક્ષની ભાવનાથી હઠાવવાનો પ્રયત્ન કરવો.

ભલે, પોતે કરેલા, બીજા પાસે કરાવેલા, કે પોતે અનુમોદન આપેલા હશે તોપણ; અથવા તો એ ભલે લોભ, મોહ કે ક્રોધને વશ થઈને કરેલા હશે, તોપણ, કે ભલે મૃદુ વેગથી, મધ્ય વેગથી કે અતિ વેગથી કરેલા હશે તોપણ હિંસાદિ પાપોનું ફળ અનંત અને અનંતકાળ સુધી અજ્ઞાનમાં રહેવાનું અને દુઃખો ભોગવવાનું જ છે. અનંત દુઃખો ભોગવવાના ભયથી મનુષ્ય પાપ કરતાં પાછું વળીને જુએ છે. એ વખતે આવાં દુઃખોના વિચારોની સ્મૃતિ તેને બચાવી લે છે. અસ્તુ.

'ગુણ ઉપર ગુણ કરે, એ તો વહેવારા વટ;
અવગુણ ઉપર ગુણ કરે, તેને હિંડોળા ખાટ.'

કોઈ આપણું કામ કરે અને આપણે તેમનું કામ કરીએ એ તો એક વહેવાર થયો. એવું તો વહેવારનો વટ સાચવવા જખ મારીનેય કરવું પડે. ઉછીના લીધેલા રૂપિયા પાછા જ ન આપીએ તો આપનારો ચપ્પુ બતાવીને કે કોર્ટે ઘસડીને વસૂલ લે જ. લીધેલું ન આપે તે વહેવારનો બુઠો ગણાય. તેથી બુઠો ન ગણાવાના ભયે પણ ઉછીનું લીધેલું પાછું આપી દઈએ. વહેવારના બુઠા માણસો પણ હોય છે. અત્યારે તો આપણે વહેવારિયા અને તેથી મૂઠી ઉપર ઉઠેલા વહેવારિયાઓની વાત કરવી છે.

લીધું અને દીધું તે તો એક વહેવાર થયો. તેમ જીવો અને જીવવા દો તે પણ એક વહેવાર થયો. તું મને જીવવા દે અને હું તને જીવવા દઉં. વહેવારમાં રહેવું એ પણ એક ઉમદા ગુણ છે. પણ વહેવારથી ઉપર નીકળી જવું અર્થાત્ જેનું ઉછીનું લીધેલું ન હોય તેને પણ આપવું, એટલે કે મને જીવવામાં મદદ ન કરતાં હોય તેને

થવાના જ. તેનો મોક્ષ માર્ગ નિષ્કંટક થવાનો જ.

લક્ષ ટોચે રાખીશું ત્યારે મધ્યે તો પહોંચાશે જ પણ જો લક્ષ જ મધ્યનું હશે તો ભોંય ભેગા થઈ જવાના. જો અવગુણ ઉપર ગુણ કરવાની વિચારસરણી અપનાવીશું તો વહેવારમાં તો જરૂર રહી શકીશું. પણ જો વહેવારનો જ આદર્શ રાખીશું તો વહેવાર પણ નહિ સાચવી શકીએ. તેથી જીવો અને જીવવા દો એ તો ખરું જ પણ-

મરીને પણ જીવવા દઈશું
એ આદર્શને વળગી રહીશું.